# કાગડાપીઠ પોલીસ સ્ટેશન
# અમદાવાદ શહેર

## પ્રેસ નોટ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા I/C મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન અમદાવાદ શહેર તથા ઇ.પોલીસ ઇન્સ્પેકટર શ્રી વી.આર.વસાવા નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ શરીર સબંધી અસામાજીક પ્રવૃતિ અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એમ.બી.પટેલ નાઓએ અત્રેના **કાગડાપીઠ, તથા ખાડીયા પોલીસ સ્ટેશનના ગુનામા પકડાયેલ આરોપી સાહીલ ઉર્ફે ગંભીર ઉર્ફે ગેલો સતીષભાઇ ચુનારા, ઉ.વ.૨૧, રહે, કંટોડીયા વાસ, રાયપુર દરવાજા બહાર, અમદાવાદ શહેર** નાનો આવી શરીર સબંધી અસામાજીક પ્રવૃતી સાથે સંકળાયેલ છે. જેની વિરુધ્ધમા અત્રેના **કાગડાપીઠ પોલીસ સ્ટેશન** ફ્સ્ટ ગુ.ર.નં.૨૦/૧૯ ધી ઈપીકો કલમ ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ મુજબ તથા **ખાડીયા પોલીસ સ્ટેશન** ફ્સ્ટ ગુ.ર.નં.૨૮/૧૮ ધી ઈપીકો કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૨૯૪(ખ), ૩૨૬ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના શરીર સબંધી ગુનાઓ દાખલ થયેલ છે.

ઉપરોકત ગુનામાં સદરી આરોપીની વિરુધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી **મે.પોલીસ કમિશ્નર શ્રી સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે તેઓની કચેરીના ક્રમાંક/PCB/DTN/પાસા/ ૯૨૧/૧૯ તા.૦૭/૦૮/૨૦૧૯ અન્વયે સદરી પાસા અટકાયતીને "લાજપોર સુરત" જેલ મોકલી આપવા હુકમ કરેલ**. જે હુકમ આધારે મજકુર પાસા અટકાયતીને તા.૦૭/૦૮/૨૦૧૯ ના કલાક ૨૨/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી **"લાજપોર સુરત"** જેલ ખાતે પાસા અટકાયતી તરીકે રહેવા સારુ જરૂરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૦૭/૦૮/૨૦૧૯

Scanned by CamScanner